ગાંધીનગરમાં શીતલહર : સૌથી ઠંડો દિવસ

પારો ૮ ડિગ્રીએ ઉતર્યો : આખો દિવસ ઠંડો પવન ફૂંકાયા બાદ રાત્રે પાટનગરમાં ઠંડીનો ભારે કહેર : જનજીવન પર ભારે અસર

ગાંધીનગર, તા. ૨

કાશ્મીરમાંથી સીધો જ જાણે સુસવાટાભર્યો પવન ફૂંકાતો હોય તેમ ગાંધીનગરમાં કાતિલ ઠંડી પડી રહી છે. સુસવાટાભર્યા પવનો સાથે શરૂ થયેલો કોલ્ડવેવ વધુ આકરો બનતા શહેરમાં પારો ૮ ડિગ્રી સુધી ઉતરી ગયું હતું. ગરમ વસ્ત્રોમાં પણ વસાહતીઓ ઠુઠવાયા હતા.

આખુ ઉત્તર ભારત તીવ્ર ઠંડીના સકંજામાં ઝડપાયું છે. કાશ્મીર અને હિમાચલપ્રદેશનું જનજીવન બરફ વર્ષામાં થંભી ગયું છે. હિમાલયના પર્વતો પરથી શરૂ થયેલા કોલ્ડવેવની અસર હેઠળ અડધો દેશ આવી ગયો છે અને લઘુત્તમ તાપમાન એક આંકડા સુધી પહોંચી ગયો છે. કોલ્ડવેવની અસર હેઠળ ગુજરાત પણ સપડાયું છે. કચ્છ-સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં લોકો કાતિલ ઠંડીનો સામનો કરી રહ્યા છે. રાજયના પાટનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી

(તસવીર : દિપક જાની)

સુસવાટાભર્યા પવન ફૂંકાય છે. આજે તેની અસર વધુ તીવ્ર બનતા લઘુત્તમ તાપમાન ૮ ડિગ્રીએ પહોંચી ગયું હતું. જે મૌસમનું સૌથી નીચુ તાપમાન છે. રાત્રે તો ઘરમાંથી બહાર નીકળાય તેવી પરિસ્થિતિ છે જ નહી. પરંતુ દિવસે પણ ગરમ વસ્ત્રોમાં લપેટાઈને ફરવુ પડે તેવી સ્થિતિ છે.

દિસે તો તડકામાં બેસીને ઠંડીથી રાહત મેળવી શકાય છે. પરંતુ રાત્રે અને વહેલી સવારે ઠંડીથી રાહત મળતી નથી. વૃદ્ધો અને બાળકોની સ્થિતિ કફોડી બની છે. કાતિલ ઠંઠી અને સુસવાટા મારતા પવનોની જનજીવન પર ખુબ ગહેરી અસર થઈ છે. વહેલી સવારે અને સાંજે તો જાણે કરફ્યુ લાગ્યો હોય તેમ માર્ગો અને બજારો સુમસામ થઈ જાય છે. સવારની શાળાઓમાં બાળકોની હાજરી ઓછી થઈ ગઈ છે. હવમાન વિભાગે હજુ ત્રણ-ચાર દિવસ કોલ્ડવેવની અસર રહેશે તેવી આગાહી કરી છે.

ગાંધીનગરના પ્લોટોની હરાજી યોજવા માટે પ્રવિણ પટેલની માંગ

ગાંધીનગરના શ્રમજીવીઓ માટે ખાસ સ્લમ આવાસ યોજના જાહેર કરો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરમાં પ્લોટોની હરાજી યોજવાની તેમજ બે વર્ષથી જાહેર નહિ કરાયેલ બજાર કિંમતના દર જાહેર કરવા ઉપરાંત સ્લમ આવાસ યોજનાના અમલીકરણ અંગેની જાહેરાત સત્વરે કરવા માટે સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી પ્રવિણ પટેલે માર્ગ મકાન મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને એક પત્ર પાઠવી માંગ કરી છે.

શ્રી પટેલે તેમના આ પક્ષમાં જણાવ્યું છે કે શહેરી ગરીબો માટે સરકારે આવાસ યોજના જાહેર કરી છે તેમાં ગાંધીનગરનો સમાવેશ કરી અને આ શહેરની ઝૂંપડપટ્ટીમાં રહેતા ગરીબો માટે ખાસ સ્લમ આવાસ યોજના જાહેર કરવી જોઈએ.

તેમણે તેમના પત્રમાં જણાવ્યું છે કે નોલેજ કોરીડોર તરીકે વિકસી રહેલ ગાંધીનગરમાં વિદ્યાર્થીઓને રહેવા માટે ખાસ હોસ્ટેલની સુવિધા ઉભી કરવી જોઈએ.

તેમણે જણાવ્યું છે કે આ નગરમાં મધ્યમવર્ગના આવાસો માટે હાઉસીંગ બોર્ડ દ્વારા યોજના અગાઉ જાહેર થઈ હતી ત્યાર પછી બે દાયકાથી કોઈ નવી યોજના જાહેર નથી કરાઈ એટલું જ નહિ રાજય સરકાર દ્વારા પ્લોટોની હરાજી પણ કરવામાં નથી આવી આથી નગરના વિકાસમાં રૂકાવટ ઉભી થઈ છે.

તેમણે તેમના આ પત્રમાં ગાંધીનગરના વિવિધ સેક્ટરોની બજાર કિંમત પણ બે વર્ષથી જાહેર નહિ થઈ હોવાનું જણાવી તે જાહેર કરવાની કાર્યવાહી થાય તે જોવા પણ જણાવ્યું છે.

વાઈબ્રન્ટ સમિટમાં ૮ બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ તૈનાત રહેશે

ફોરેન ડેલીગેટ્સ, ઈન્વેસ્ટર્સ તથા મહાનુભાવોની સુરક્ષા માટે વાઈબ્રન્ટ સમીટ દરમ્યાન પોલીસનો બંદોબસ્ત વાઈબ્રેટ કરી નાંખે તેવો રહેશે..!!

ગાંધીનગર, તા. ૨

મહાત્મા મંદિર ખાતે યોજાનાર વાઈબ્રન્ટ સમિટમાં મોટા પ્રમાણમાં ફોરેન ડેલીગેટ્સ તથા ઈન્વેસ્ટર્સ ઉપરાંત વી.વી.આઈ.પી. મહાનુભાવો આવનાર છે ત્યારે સુરક્ષા વ્યવસ્થાને લોખંડી બનાવવા માટે રેન્જ આઈ.જી.ની અધ્યક્ષતામાં જિલ્લા પોલીસ વડા તથા એલ.સી.બી., એસ.ઓ.જી. અને પોલીસમથકોના અધિકારીઓ સાથે બેઠકોનો સિલસિલો શરૂ થઈ ગયો છે. આ મેગા કાર્યક્રમ દરમ્યાન કોઈ અનિચ્છનીય ઘટના બને નહી તે માટે ૮ બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડને પણ તૈનાત કરવામાં આવનાર છે.

વાઈબ્રન્ટ સમિટ કાર્યક્રમ દરમ્યાન પોલીસનો બંદોબસ્ત પણ વાઈબ્રેટ કરી નાંખે તેવો રહેશે. સમિટ દરમ્યાન સુરક્ષા વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવવા રોજેરોજ ઉચ્ચકક્ષાએ બેઠકો થઈ રહી છે. ત્યારે અત્યારથી જ ગાંધીનગર રેન્જ એટલે કે ગાંધીનગર, સાબરકાંઠા અને મહેસાણા જિલ્લાની એલ.સી.બી. પોલીસની ટીમો રીકવીઝીટ કરી લેવામાં આવી છે. ૧૧ જાન્યુઆરીથી શરૂ થનાર કાર્યક્રમ સંદર્ભે પાટનગર ૭મી જાન્યુઆરીથી જ પોલીસ છાવણીમાં ફેરવાઈ જશે. આ કાર્યક્રમ દરમ્યાન કોઈ અનિચ્છનીય ઘટના બને નહી તે માટે આઠ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડ પણ તૈનાત કરી દેવામાં આવશે. ગાંધીનગર રેન્જની ૩ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોર્ડ ઉપરાંત અમદાવાદની ૫ બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ મળીને આઠેય સ્કવોર્ડ ટુંક સમયમાં ગાંધીનગર તૈનાત કરી દેવામાં આવશે. આ ટીમો દરેક શંકાસ્પદ પડેલી ચિજવસ્તુઓ પર બાજ નજર રાખીને ચેકીંગ કરશે. આ સ્કવોર્ડ હેલીપેડ તથા મહાત્મા મંદિરમાં સતત ફરતી રહેશે. તે ઉપરાંત ઉચ્ચ કક્ષાએથી સંપૂર્ણ બંદોબસ્ત સ્કીમ મંજુર થઈ ગયા બાદ રીહર્સલ પણ કરવામાં આવશે.

સરકારી આવાસના ભાડા પેટે એક વર્ષમાં ૩ કરોડની આવક

તંત્રએ કડક અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી નોંધપાત્ર આવક મેળવી

ગાંધીનગર, તા. ૨

શહેરમાં સ્થિત સરકારી આવાસના ભાડા પેટે તંત્ર એ એક વર્ષમાં રૂ. ૩ કરોડની નોંધપાત્ર આવક કરી છે. અગાઉ આવાસમાં ગેરકાયદેસર કબજો ધરાવતા તેમજ નિયમિત ભાડુ ભરપાઈ નહીં કરનારાઓ સામે પણ કોર્ટ કેસ દાખલ કરવા સુધીના પગલા લેવાયા હતા. વર્ષ ૨૦૧૨ દરમિયાન ભાડા વસુલાત શાખા દ્વારા ઝુંબેશ હાથ ધરી ભાડાની તગડી આવક મેળવી છે.

પાટનગર યોજના વિભાગના અંતર્ગત સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગત વર્ષ દરમિયાન સરકારી આવાસના ભાગ પેટે અંદાજિત રૂ. ૩ કરોડની આવક પ્રાપ્ત થઈ છે. શહેરમાં સ્થિત વિવિધ કક્ષાના ૧૬ હજારથી વધુ આવાસો પૈકી ૮૫૦૦ રહેણાંકના ઉપયોગ હેઠળ હોવાનું ધ્યાને આવ્યું છે. અગાઉ આવાસમાં ગેરકાયદેસર કબજો ધરાવનારા સામે પણ તંત્ર કક્ષાએથી કોર્ટ કેસ દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી જ્યારે ભાડુ ભરપાઈ કરવામાં બેદરકાર સંસ્થાઓને પણ નોટીસ આપવામાં આવી હતી. ભાડા ન ભરવાના કિસ્સામાં તંત્ર કક્ષાએથી કડક અને કાયદેસર કાર્યવાહી હાથ ધરાઈ હતી. જેના પરિણામે છેલ્લા એક વર્ષમાં સરકારી આવાસના ભાડા પેટે તંત્રએ રૂ. ૩ કરોડની નોંધપાત્ર આવક કરી હોવાનું ધ્યાને આવ્યું છે. જો કે ભાડા વસુલાત શાખામાં પણ મેનપાવરનો અભાવ હોવાથી તંત્ર માટે વસુલાતની કામગીરી શિરદર્દ સમાન બની હોવાનો સૂર ઉદભવ્યો છે. બીજી તરફ શાળાની કામગીરીને કોમ્પ્યુટરાઈઝડ કરવા પણ ચકો ગતિમાન થયા છે.

ગાંધીનગર આર.ટી.ઓ. કચેરીએ ડિસેમ્બરમાં ૧.૬૭ લાખનો દંડ વસુલ્યો

ગાંધીનગર, તા. ૨

ટ્રાફિક નિયમનના ભંગ બદલ આર.ટી.ઓ. કચેરીએ ગત ડિસેમ્બર મહિનામાં રૂ. ૧.૬૭ લાખની દંડ વસુલાત કરી છે. જેમાં ૮૩ મીની ટ્રક અને ૫૯ કારનો પણ સમાવેશ થાય છે.

રાજયના વિવિધ શહેરોમાં ટ્રાફિક નિયમનના ભંગ બદલ ડીટેઈન કરાયેલા વાહનો અન્વયે આર.ટી.ઓ. કચેરી કક્ષાએથી દંડ વસુલવામાં આવે છે. ગાંધીનગર આર.ટી.ઓ. કચેરી દ્વારા પણ વિવિધ ગુના હેઠળ ડીટેઈન થયેલા વાહનોના ચાલકો પાસેથી દંડ વસુલી કરવામાં આવી હતી. ટ્રાફિક પોલીસ દ્વારા ગત ડિસેમ્બર મહિનામાં ૫૯ કાર ૧૭ જીપ, ૭ રીક્ષા, ૮૩ મીની ટ્રક તેમજ ૬ પબ્લીક વાહનો સહિતના ટ્રાફિક નિયમનના ભંગ બદલ ડીટેઈન કરાયા હતા. આર.ટી.ઓ. કચેરી દ્વારા ગત માસ દરમિયાન ડીટેઈન કરાયેલા વાહનો અન્વયે ચાલકો પાસેથી રૂ. ૧.૬૭ લાખનો દંડ વસુલાયો હતો.

વાયબ્રન્ટ સમીટ સંદર્ભે સિવિલ હોસ્પિટલમાં અલાયદો વોર્ડ બનાવાયો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરમાં વાયબ્રન્ટ સમીટના આયોજનને લઈ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એક અલાયદો વોર્ડ બનાવવામાં આવશે તેમજ વાયબ્રન્ટ સમીટ દરમ્યાન ૪ મેડીકલ ટીમો ૨૪x૭ ફરજ પર તૈનાત રહેશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ વાયબ્રન્ટ સમીટ દરમ્યાન ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે આરોગ્ય સેવાઓ અંગે ખાસ કંટ્રોલરૂમ શરૂ કરવા ઉપરાંત એક અલાયદો વોર્ડ પણ સારવાર માટે બનાવવામાં આવશે.

વાયબ્રન્ટ સમીટના મેગા પ્રદર્શનમાં રોજના દોઢ લાખ જેટલા માણસોની અવરજવર રહેવાનો અંદાજ છે. આથી આરોગ્ય વિષયક સેવાઓ અંગે પણ આયોજકોએ વિશેષ આયોજન કર્યું છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આ સમીટ દરમ્યાન ૪ મેડીકલ ટીમો ૨૪x૭ પ્રદર્શન સ્થળ તેમજ મહાત્મા મંદિર ખાતે તૈનાત રહેશે. જેમાંની બે ટીમ પ્રદર્શન ખાતે અને બે ટીમ મહાત્મા મંદિર ખાતે રહેશે.

● અનુસંધાન પાન-૭ પર

બેસણું

અમારા પૂ. પિતાશ્રી **સ્વ. હરીભાઈ કચરાભાઈ પટેલ**નું અવસાન તા. ૩૧-૧૨-૨૦૧૨ના રોજ થયેલ છે. **સ્વર્ગસ્થનું બેસણું તા. ૪-૧-૨૦૧૩, શુક્રવારે સવારે ૮-૩૦ થી ૧૧-૦૦** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : મુખીવાસ, અડાલજ, તા.જી. ગાંધીનગર

મહેશભાઈ હરીભાઈ પટેલ (પુત્ર) — ભૂપેન્દ્રભાઈ કાશીભાઈ પટેલ (ભાઈ)
સંજયભાઈ હરીભાઈ પટેલ (પુત્ર) — ઉત્કર્ષ ભૂપેન્દ્રભાઈ પટેલ (ભત્રીજો)

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

મનુભાઈ છોટાભાઈ પટેલ (પ્રાંત્યાવાળા)
રાજેશ રસિકભાઈ પટેલ (પ્રાંત્યાવાળા)

(તસવીર : દિપક જાની)

નવા વર્ષની શુભેચ્છાઓ તેમજ સત્તાગ્રહણ કર્યા બાદ આજે રાજયના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ યોજેલા પત્રકારોના મિલન સમારોહની તસવીર.

સિવિલ હોસ્પિટલની મુલાકાત લેતા એન.આર.એચ.એમ. ડાયરેક્ટર

સેવાઓના સઘનીકરણ અને સતત તાલિમ પર ભાર મુક્યો

ગાંધીનગર, તા. ૨

સિવિલ હોસ્પિટલની મુલાકાત લેતા એન.આર.એચ.એમ.ના ડાયરેક્ટર શ્રી અનિશ માંકડ અને તેમની ટીમે ખાસ મુલાકાત લીધી હતી.

સિવિલ હોસ્પિટલમાં ઈમરજન્સી વોર્ડ, લેબરરૂમ, આઈ.સી.યુ., ઓપરેશન થિયેટરની સેવાઓ અંગે તેમણે ચકાસણી કરી અને સેવાઓના સઘનીકરણ માટે ભાર મુક્યો હતો.

એન.આર.એચ.એમ.ના ડાયરેક્ટર શ્રી માંકડે સિવિલ હોસ્પિટલ નજીક આકાર પામી રહેલ મેડીકલ કોલેજની કન્સ્ટ્રકશન સાઈટની મુલાકાત લઈ અને પી.આઈ.યુ.ને પણ સ્વચ્છતા જાળવવા પર વિશેષ ભાર મુક્યો હતો. તેમણે એકત્ર થયેલા કચરાના ઝડપી નિકાલ માટે પણ જણાવ્યું હતું.

મળતી વિગતો પ્રમાણે ડાયરેક્ટર શ્રી માંકડની ગાંધીનગર સિવિલ હોસ્પિટલની એક કલાકથી પણ વધુ મુલાકાત ચાલી હતી. તેમની આ મુલાકાતમાં તેમની સાથે સિવિલ સર્જન ડૉ. ભરતભાઈ પટેલ અને અન્ય તબીબી અધિકારીઓ પણ જોડાયા હતા.

તેમણે સિવિલ હોસ્પિટલની સેવાઓના સઘનીકરણ પર ભાર મુકી અને સતત તાલિમ કર્મચારીઓને મળી રહે તેનો આગ્રહ કર્યો હતો. તેમણે કેટલાક મહત્વના સૂચનો પણ તેમની આ મુલાકાત દરમ્યાન કર્યા હતા.

છેલ્લા છ માસમાં શ્રી માંકડે આજે ત્રીજીવાર સિવિલ હોસ્પિટલની ઓચિંતી મુલાકાત લીધી હતી.

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ સ્મરણાંજલિ

સ્વ. સુશીલાબેન કે. બ્રહ્મભટ્ટ
સ્વ. તા. ૩-૧-૨૦૧૧

આંસુની કોઈ ભાષા હોય તો એ ભાષામાં કહીએ,
વિરહની કોઈ લિપિ હોય તો, એ લિપિમાં લખીએ,
જગતની દરેક સ્મૃદ્ધિ મળે,
પણ કલ્પવૃક્ષ સમી 'મા' તારી છાયા ક્યાં ન મળે
'આશિષ' મળ્યા તારા, હશે પુણ્ય અમારા,
જન્મોજનમ મળો તમે 'સુશીલાબા'
તેવી અંતઃકરણની 'આકૃષિ તથા હર્ષિલ'ની અભિલાષા
રણછોડજી તમારા આત્માને શાંતિ અર્પે....

વિ.
આશિષ કે. બ્રહ્મભટ્ટ — આકૃષિ એ. બ્રહ્મભટ્ટ
લત્તાબેન એ.બ્રહ્મભટ્ટ — હર્ષિલ એ. બ્રહ્મભટ્ટ

ગુજરાત બનશે ગ્લોબલ બિઝનેસ હબ : જાપાન - કેનેડા પાર્ટનર

સોના-ચાંદી અને હીરા જડિત મોટરકાર હરાજીથી વેચાશે : તે રકમનું દાન મુખ્યમંત્રીના રાહત ફંડમાં અપાશે

ગાંધીનગર, તા. ૨

પાટનગર ગાંધીનગરના મહાત્મા મંદિરના વિશાળ પટાંગણમાં આગામી તા. ૧૧મી જાન્યુઆરીથી વાઈબ્રન્ટ ગુજરાત સમિટનું ભવ્ય આયોજન કરાયું છે. આ ગ્લોબલ સમિટમાં જાપાન અને કેનેડા જેવા વિકસિત દેશો 'કન્ટ્રી પાર્ટનર' બન્યા છે એટલું જ નહીં પરંતુ અમેરિકા, ઈંગ્લેન્ડ, ચીન, ડેન્માર્ક, આફ્રિકન દેશો, ઓસ્ટ્રેલિયા સહિતના દેશોના ઉદ્યોગપતિઓ, વરિષ્ઠ અધિકારીઓ અને રાજદ્વારીઓ સમિટમાં ભાગ લેશે.

આ ઉપરાંત ટાટા, રિલાયન્સ, એડીએ ગ્રુપ, એસ્સાર, ફોર્ડ, મહિન્દ્રા સહિતની વૈશ્વિક કંપનીઓ પણ સમિટમાં ઉપસ્થિત રહેશે.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે આગામી તા. ૧૧-૧૨-૧૩ જાન્યુઆરી ૨૦૧૩ના દિવસોએ યોજાઈ રહેલી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૩ની કેન્દ્રવર્તી વિષયવસ્તુ જ્ઞાન કૌશલ્યના વૈશ્વિક નવા ઉન્મેશોની વ્યાપક ભાગીદારી રહેવાની છે. પરિવર્તનશીલ અર્થતંત્રના વૈશ્વિક પ્રવાહોમાં ગુજરાતની નિર્ણાયક ભાગીદારી, ક્ષમતા અને સામર્થ્યની સંભાવનાઓની અનુભૂતિ કરાવવામાં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ, ગ્લોબલ બિઝનેસ હબનું આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પૂરું પાડશે એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

નરેન્દ્ર મોદીએ સતત ચોથીવાર રાજયશાસનનું નેતૃત્વ સંભાળ્યું તે અવસરે આજે પત્રકાર મિત્રો સાથે સ્નેહ મિલન યોજ્યું હતું. જેમાં તેમણે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટના આયોજનની પૂર્વ તૈયારીઓની વિશેષતાઓ દર્શાવતું પ્રેઝન્ટેશન પ્રસ્તુત કર્યું હતું.

મુખ્યમંત્રીએ વાઈબ્રન્ટ ગુજરાત સમીટ ૨૦૧૩ના આયોજનની રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, વૈશ્વિક જ્ઞાનના આદાન-પ્રદાન માટે વ્યૂહાત્મક સહભાગીદારી સ્થાપવાને આ સમીટમાં વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

સર્ટીફિકેટ ખોવાયેલ છે

ડૉ. જીગેશ રજનીકાન્ત વૈદ્યના નામનું ડી.એન.બી. રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ નંબર : G18553 તા. ૨૪-૧૧-૧૧ ગાંધીનગરમાં ખોવાયેલ છે. જે કોઈને મળે તેમણે નીચેના નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી છે.

ડૉ. જિગેશ રજનીકાન્ત વૈદ્ય
મો. : ૯૮૨૫૪ ૫૪૭૩૬

ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ('ગીર') ફાઉન્ડેશન, ગાંધીનગર

જાહેર હરાજી

"ગીર" ફાઉન્ડેશનના ઈન્દ્રોડા નેચર પાર્ક, ગાંધીનગર ખાતે ૧૯૯૩ મોડલ મોટર સાઈકલ રાજદૂત નંબર : જીજે-૧-એક-૪૦૮૦ ની જાહેર હરાજી તા. ૧૦/૧/૨૦૧૩ના રોજ સવારે ૧૨-૦૦ કલાકે જે છે તે હાલતમાં રાખવામાં આવેલ છે. રસ ધરાવતી પાર્ટીઓને મોટર સાઈકલની હરાજીમાં ભાગ લેવા આમંત્રિત કરવામાં આવે છે. ભાગ લેનારે રૂ. ૫૦૦-૦૦ ડીપોઝીટ તરીકે રોકડા હરાજીના સ્થળે ભરવાના રહેશે. મોટર સાઈકલ ઈન્દ્રોડા પાર્ક ખાતે રાખેલ છે. જે કચેરી સમયમાં જોવા મળશે. હરાજીની અન્ય શરતો સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે. બોલી સ્વીકારવાની આખરી સત્તા નાયબ નિયામકશ્રીને રહેશે.

પાર્ક વોર્ડન
ઈન્દ્રોડા નેચર પાર્ક, ગાંધીનગર

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com